Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

60

# સંસ્કૃતિના પુનરુત્થાન માં ઝવેરચંદ મેઘાણીનું સાહિત્ય સર્જન

**પ્રો. સેજલબેન આર. મકવાણા**

રિસર્ચ સ્કોલર, ગુજરાતી, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**પ્રસ્તાવના**

ભારતીય સંસ્કૃતિઓ મુજબ 500 વર્ષ પહેલાની સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિ છે. સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ આપણને ઋષિઓ  દ્વારા  મળેલી છે. ઉપનિષદો, પુરાણો ,ગીતો ,રામાયણ, મહાભારત વગેરે ગ્રંથોમાં પ્રાચીન કાળથી સંસ્કૃતિનો ઉલ્લેખ થતો આવ્યો છે.

**"ભારતીય સમાજમાં સંસ્કૃતિ પેઢી દર પેઢી હસ્તાતરીત થતી જીવનશૈલી જેને સંસ્કૃતિ કહે છે."**

**પૃથ્વી પર માત્ર મનુષ્ય જ એવો જીવ છે. જે સંસ્કૃતિને કેળવી શકે સંસ્કૃતિની જાળવણી કરી શકે**

**"દેશ અને એડ્રેસ બદલાઈ સંસ્કૃતિ બદલાતી નથી"**

સંસ્કૃતિ દેશ, પ્રદેશ, જાતિ, ધર્મ, ઇતિહાસ, ભાષા, રહેણીકરણી  સાથે સંકળાયેલી છે. અને આ સંસ્કૃતિની જાળવણી કરવી દરેક મનુષ્યની નૈતિક ફરજ છે. સંસ્કૃતિ દ્વારા આપણને ઘણી બધી મહત્વની જાણકારી મળે છે. જે આપણે વિસરી ગયા છીએ. 2020 ની શિક્ષણનીતિમાં ભારતીય ભાષા તેમજ પ્રાદેશિક ભાષાને સ્થાન મળ્યું છે. તે આપણા માટે ગૌરવની ઘટના છે. શૈક્ષણિક વર્ષ 2018-19 ને બીજા સત્રથી પ્રાથમિક વિભાગમાં પ્રાદેશિક શિક્ષણ ફરજિયાત હતું. છતાં તેમાં અમલીકરણમાં નિષ્ફળતા મળી હતી. પણ 2020માં 5+3+3+4 ના માળખા મુજબ National Education Policy 2020 જેના દ્વારા 22 પૈકી 6 ભાષાઓ ને NEP-2020 ની જોગવાઈ કરવામાં આવી તે દરેક પ્રદેશ માટે મહત્વની વાત છે .બાળક પોતાની માતૃભાષામાં શિક્ષણ મેળવશે.

**"મા તરફથી મળેલી ભાષા માતૃભાષા"**

ગુજરાતમાં રહેતા ગુજરાતી લોકો માટે આ NEP એ આપેલ સ્થાન મહત્વનું છે .જેના દ્વારા વિસરાયેલી સંસ્કૃતિ નું પુનરુત્થાન થશે.ગુજરાતી ભાષા ને નવો વેગ મળશે. ગુજરાતમાં વસતા લોકો પોતાના બાળકોને અંગ્રેજી શિક્ષણની ઘેલછા છોડાવી અને પોતાના પ્રદેશ ની ભાષા પોતાની સંસ્કૃતિ તરફ વળશે આપણા સાહિત્ય કરો એ ઘણું બધું સાહિત્ય બાળકોમાં પરિવર્તન લાવવા જ્ઞાન વિજ્ઞાન વેદો તરફ પાછા વળવા માટે લખ્યું છે. જે શિક્ષણ બાળકોને પોતાની માતૃભાષામાં મળશે તેનાથી બાળક પોતાની પ્રાચીન સંસ્કૃતિથી અભિમુખ થશે ગુજરાતી સાહિત્યના મહાન સાહિત્યકારો જેવા કે ઝવેરચંદ મેઘાણી. પન્નાલાલ પટેલ. ગોવર્ધનરામ ત્રિપાઠી. નરસિંહ મહેતા. દલપતરામ. નર્મદ .કલાપી. મનુભાઈ પંચોલી. રઘુવીર ચૌધરી .રમેશભાઈ પારેખ.જેમના પુસ્તકો પ્રાચીન સંસ્કૃતિ વિશે ઘણી જાણકારી આપે છે.

**" રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી નું સાહિત્ય સર્જન "**

ઝવેરચંદ મેઘાણી તેમનો જન્મ 28 ઓગસ્ટ 1996માં ચોટીલામાં થયો હતો.તેઓ લોકવાર્તાકાર. નવલકથાકાર. કવિ. સંપાદક. તેમના કવિતાગ્રંથ. લઘુકથા, જીવન ચરિત્ર, પ્રવાસ વર્ણનો, હાલરડાં, શાયરી, ઈતિહાસ લેખો, ચરિત્ર સાહિત્ય, કવિતાજગત અને અન્ય સાહિત્યની રચના કરી છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.

**1. હાલરડા: -**

**"તાર પારણ પોપટ બોલે તારે ઘોડીએ મોરલા ડોલે**

**સુઈ જાને કાના ....**

**હાલરડા હલરાવે જશોદા માવડી.**

**2. "તમે મારા દેવના દીધેલ છો ...**

**તમે મારા માંગી લીધેલ છો ...**

**આવ્યા ત્યારે અમર થઈને રેજો રો...**

આ હાલરડાં સૂચવે છે કે બાળક જ્યારે ઘોડિયામાં હોય છે .ત્યારથી જ તેને જીવન અને જગત થી પ્રેરીત કરવામાં આવે છે.  અમર બનજો. મોર, પોપટ, દેવો, જશોદા, બહેન વગેરે શબ્દો બાળક પોતાના ઘોડિયામાં રહીને સાંભળે છે .ને બાળક શબ્દોથી પરિચિત થાય છે. લેખકનો મુખ્ય હેતુ બાળકને શાંત કરવાનો અને પશુ પક્ષી મનુષ્ય જે જગત માં છે તેના થી અભિમુખ કરવાનો છે.

**1. ચારણ કન્યા.**

**સાવજ ગરજે**

**વનરાવનનો રાજા ગરજે........**

**બાવળના જળામાં ગરજે.**

**ડુંગરના ગાળામાં ગરજે...........**

**થરથર કાંપે**

**વાડામાં વાછરડાં કાંપે...........**

**આંખ ઝબુકે**

**કેવી એની આંખ ઝબુકે ............**

**જડબા ફાડે**

**ડુંગર જાણે ડાચાં ફાડે............**

**બહાદુર ઊઠે .**

**બડકંદાર બિરાદર ઊઠે ............**

**ઉભો રે જે**

**ત્રાડ પડી કે ઉભો રે જે.............**

**ચારણ કન્યા**

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**ચૌદ વરસની ચારણ કન્યા.........**

**ભયથી ભાગ્યો**

**સિંહણ તારો ભડવીર ભાગ્યો.........**

આ ગીત 1928 માં સોરઠી કન્યા જે પોતાના પશુ ને સિંહ થી બચાવે છે અને જે વાછરડું મૃત્યુ પામ્યું છે તેનું માંસ ખાવા દેતી નથી. અને સિંહ ને કેટલી ખુમારીથી ભગાડે છે .તેની વાત કરવામાં આવી છે. આ ગીતમાં સ્ત્રીમાં રહેલ વીરતા ના દર્શૅનકરાવામાં આવે છે. અને સિંહના સ્વરૂપ વિશે વાત કરવામાં આવી છે નેસડામાં જ્યારે સિંહ આવે ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાય છે લોકોમાં કેવો ભય હોય છે તે લેખકે આ કાવ્યમાં દર્શાવ્યુ છે. માત્ર ચૌદ વર્ષૅની હીરાબા કેટલા સાહસ ખુમારી, વીરતા, ભયમુક્ત, સાહસથી આ સિહ ને વગાડે સે તેની વાત કરવામાં આવી છે.

**3. કસુંબીનો રંગ.**

**લાગ્યો કસુંબીનો રંગ**

**રાજ મને લાગ્યો કસુંબીનો રંગ**

આ કસુંબલ ગીત દ્વારા ઝવેરચંદ મેઘાણીએ શૂરવીર ના પ્રેમની વાત કરી છે. હો રાજ મેં તો પીધો કસુંબીનો રંગ જેમાં જનની, પત્ની, બહેન, બલિદાન, ભક્તિ, ધરતી વગેરેના રંગમાં રંગાઈને વીર બનવાના રંગની વાત કરવામાં આવી છે.

આ બધા સાહિત્ય દ્વારા લેખક ઝવેરચંદ મેઘાણી એ પોતાના સાહિત્યમાં વ્યક્તિ માત્રને પોતાની વીરતા, ખુમારી, સાહસ દેશ ભક્તિના દર્શન કરાવ્યા છે.

આ  ગીત દ્વારા બાળકને શિક્ષણ દ્વારા જ્ઞાન અને જ્ઞાન દ્વારા ખુમારી શીખવાડે છે.

ઝવેરચંદ મેઘાણી ના આ સાહિત્ય સર્જન દ્વારા બાળકોને આંતરિક રીતે પોતાનામાં રહેલી વીરતા ખુમારી સાહસ પૂરું પાડે છે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંશોધનના મુખ્ય હેતુ.**

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 પ્રમાણે ગુજરાતી સાહિત્યની પ્રદેશ પ્રમાણે પ્રાધાન્ય મળ્યુ તેનો ભરપૂર લાભ લેવો જોઇએ
2. પ્રદેશના સાહિત્યને અને સાહિત્યકારોને પોતાનું સાહિત્ય શિક્ષણમાં રજૂ કરવાનો લાભ મળશે
3. પ્રાદેશિક શિક્ષણ સાહિત્ય દ્વારા બાળકોને અભિમુખ કરવાનો લાભ મળશે.
4. દરેક બાળક પોતાની પ્રાચીન સાહિત્યથી પ્રેરિત થઇને પોતાના પ્રાચીન વારસા ને જળવવાની કોશિશ કરશે.
5. પ્રાદેશિક સાહિત્યની ભાષાની જાળવણી થશે જે વિસરાઇ રહેલી ભાષાઓ છે તેને પ્રાધાન્ય મળશે
6. બાળક ગુજરાનતી ભાષા સાહિત્ય અને ભાતીગળ સંસ્કૃતિથી પ્રેરાયને સાહિત્ય ની જાળવણી કરશે અને સાહિત્ય સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરશે.
7. ઝવેરચદ મેધાણી ના પદ્ય-ગદ્ય સાહિત્યમાં સાહસ, ખુમારી, પ્રેમ, વિયોગ, દેશભક્તિ, સંસ્કૃતિ ના સ્મરણો સમાજ ધર્મ, રિવાજોમાં જોવા મળે છે.

**ઉપસંહાર**

આમ આ 2020 ની શિક્ષણનીતિ અનુસર ભારતીય ભાષાઓમાં પ્રાદેશિક ભાષાઓનું પુનરુત્થાન થશે અને બાળક પ્રકૃતિ ,સંસ્કૃતિ, વેદો, તરફ વળશે સંસ્કૃતિની જાળવણી કરશે તેમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સાહિત્યમાં પ્રકૃતિ, સંસ્કૃતિ, સમાજ, ધર્મ, રાજકારણ, વિયોગ, પ્રેમ વગેરે જોવા મળે છે તેથી મારા મત અનુસાર આ શિક્ષણનીતિ બાળકોને પ્રાદેશિક સાહિત્યથી અભિમુખ કરશે.

**સંદર્ભ સાહિત્ય**


- ભારતીય શિક્ષક. પ્રશિક્ષણ સંસ્થા ગાંધીનગર.
- રાષ્ટીય શિક્ષણ નીતિ-2020
- અક્ષરનાદ પબ્લીકેશન
- મેધાણી સ્મરણઓ મૂર્તિ
- ગુજરાતી વિશ્વ કોષ, કનુભાઇ જાની